# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં. ૫૦ /વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧ તા.૨૮.૦૪.૨૦૨૧

વંચાણે લીધાઃ

૧) અત્રેનાં કાર્યાલયનાં પરિપત્ર જા.નં. ૪૮/વહીવટ/ COVID-19/૨૦૨૧-૨૨, તા.૨૬.૦૪.૨૦૨૧.

૨) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, તા.૨૭.૦૪.૨૦૨૧

<u>પરિપત્ર</u>

નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ની હાલની પરિસ્થિતિ અને વિભાગીય વડાઓ તથા સંયોજકોની રજૂઆતો ધ્યાને લઈ ઉપરોકત ક્રમાંક-૦૧નાં પરિપત્ર મુજબ અમલ કરવા જણાવવામાં આવ્યું છે.

૧) નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને ગૂજરાત વિદ્યાપીઠનાં ઉચ્ચ શિક્ષણનાં અમદાવાદ/સાદરા/રાંધેજા પરિસરો ખાતે તા.૦૧.૦૫.૨૦૨૧ થી તા.૩૧.૦૫.૨૦૨૧ સુધી વેકશન જાહેર કરવામાં આવે છે. આ સેવકોએ મોબાઈલ ફોન તથા ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે અને કાર્યમથક છોડતાં પહેલા સંબંધિત કાર્યાલયની મંજૂરી મેળવવાની રહેશે.

૨) જે વિદ્યાશાખા/વિભાગોમાં વેકેશનની વ્યવસ્થા નથી તેનાં અને બિન શૈક્ષણિક સેવકોએ તેમનાં ઉપરી/વિભાગીય વડા પાસેથી કરવાનાં કામોની યાદી મેળવી તા.૦૫.૦૫.૨૦૨૧ સુધી ઘરેથી-કાર્ય (Work from home) કરવાનું રહેશે, તેમણે મોબાઈલ ફોન તથા ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે.

૩) ઉચ્ચ શિક્ષણની તમામ વિદ્યાશાખાનાં ડીન, વિભાગીય વડા અને સંયોજકશ્રીઓ સાથે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં તા.૨૭.૧૧.૨૦૨૦ અને ત્યારબાદ યોજાયેલ આનુષંગિક બેઠકોમાં નક્કી થયા મુજબ વિદ્યાર્થીઓનાં અભ્યાસક્રમ અને પરીક્ષા સંદર્ભે કાર્યવાહી કરવાની રહેશે. જે તે વિષયોનાં અભ્યાસક્રમો સમય મર્યાદામાં પૂર્ણ થાય તેની જવાબદારી સંબંધિત સેવક અને વિભાગીય વડા/ સંયોજકની રહેશે.

૪) આંતરિક ગુણવત્તા બાંયધરી એકમની કામગીરી સાથે સંકળાયેલ તમામ સેવકોએ આંતરિક ગુણવત્તા બાંયધરી એકમનાં સંયોજકશ્રીનાં દિશા નિર્દેશ મુજબ કામગીરી કરવાની રહેશે અને નિયત સમયમાં કામગીરી પૂર્ણ થાય તે રીતે આયોજન કરવાનું રહેશે.

૫) તબીબી અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સેવકો રાબેતા મુજબ કાર્યાલય/પરિસરમાં આવશે અને દિશા-નિર્દેશ મુજબ કામગીરી કરશે.

૬) સેવકોએ આ સમગ્ર સમયગાળામાં ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહિ અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે.

૭) નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને નિયંત્રણમાં લાવવા ભારત સરકાર/ યુ.જી.સી./રાજ્ય સરકાર અન્ય સત્તામંડળનાં આદેશો અને અત્રેનાં કાર્યાલય દ્વારા કરવામાં આવેલ પરિપત્રો તથા હવે પછી બહાર પડનારી માર્ગદર્શિકાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(પ્રો. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારૂં.

નકલ રવાનાઃ સંબંધિત તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકની જાણ તથા અમલવારી સારૂં.